ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ભરત દેસાઈ
લાયઝન ઓફિસર,
મહાત્મા મંદિર, ગાંધીનગર
મો. ૯૯૦૯૭ ૭૮૫૫૮



અશ્વિન શાહ
મો. ૯૪૦૮૮ ૯૬૬૨૨



પાર્થ સંજયકુમાર પ્રજાપતિ
મો. ૮૧૪૧૨ ૪૫૯૮૯



જૈનિલ પિયુષકુમાર પ્રજાપતિ
મો. ૯૭૧૨૯ ૨૨૪૭૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# જે. એમ. ચૌધરી સ્કૂલ ખાતે મહિલા શિક્ષણ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર કલેક્ટર કચેરી તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ગાંધીનગર તથા શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.એમ. ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ) સે. ૭ના સંયુક્ત ઉપક્રમે મહિલા શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સતીષભાઈ પટેલ - કલેક્ટર કચેરી ગાંધીનગર, એમ.એમ. બારડ - જિલ્લા શિક્ષણાધિકારી ગાંધીનગર તથા અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી તથા મહામંત્રી માધુભાઈ ચૌધરી તથા નેન્સીબેન-એડીઆઈ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. તદ્ ઉપરાંત ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગરના પ્રો. લીનાબેન સ્વાદિયા, બીસીએ કોલેજના પ્રો. ગિરાબેન ચૌધરી તથા શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની ચૌધરી પ્રગતિ મહિલા સશક્તિકરણના ખાસ વક્તા તરીકે હાજર રહ્યા હતા. જમ્પરોપ સ્પર્ધામાં સુવર્ણપદક વિજેતા વિદ્યાર્થીઓએ ડેમો રજુ કર્યો હતો. ત્યારબાદ પધારેલા મહેમાનો અને વક્તાઓ દ્વારા મહિલાઓમાં શિક્ષણ, ઉચ્ચશિક્ષણ, કારકિર્દી અને પડકારો તથા ઉપલબ્ધિઓ તથા સરકારે કન્યાઓના વિકાસ માટે કરેલ યોજનાઓ વગેરે જેવી બાબતો પર પ્રભાવક અને અસરકારક વક્તવ્ય રજૂ કર્યા હતા. સુકાની સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ પુર્ણ થયો હતો. રાષ્ટ્રગીત ગાઈ સહુ છુટા પડ્યા હતા.

# એસજી સ્કૂલના વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં ઝળક્યા



એસ.જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાની કબડ્ડી, ખોખો, એથ્લેટિક, ૧૦૦મી દોડ, ૪૦૦મી દોડ, ૬૦૦મી દોડ, ચક્ર ફેંક, ગોળાફેંક, હાઈજમ્પ, લાંબી કૂદ અને વૉલીબૉલ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે . વિજેતા ખેલાડીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવી તેમનો ઉત્સાહ વધાર્યો છે.

# કે કે પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે દાતાની પુણ્યતિથિ નિમિત્તે કાર્યક્રમ



કે.કે.પટેલ વિદ્યાલય કોલવડાને જેમનું નામ મળ્યું છે તેવા દાતા સ્વ.કમળાબેન કેશવલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે શાળાનાં આચાર્યા ભાવનાબા એ.વાઘેલાના માર્ગદર્શન હેઠળ શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમના નામે શાળાનું નામ છે તેવા દિગ્વંત આત્માને શ્રધ્ધાંજલી અર્પવા તેમના સુપુત્રો બળદેવભાઈ પટેલ તથા વિષ્ણુભાઈ પટેલ દ્વારા શાળામાં સદાય સેવાકાર્યમાં દાન આપી તેમનું ઋણ અદા કરતા રહેલ છે. શાળા પરિવારે કમળાબાના આત્મા ને શાંતિ મળે તે અર્થે પ્રાર્થના, ભજન તથા ભક્તિગીતોનું આયોજન કર્યું હતું. બાના પૌત્ર દિપકભાઈ પટેલ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. કમળાબાના પરિવાર તરફથી શાળા ના ૮૦૦ વિદ્યાર્થીઓને ગરમાગરમ પૌષ્ટિક નાસ્તો આપવામાં આવ્યો હતો. આભારવિધિ શાળાના શિક્ષક નારાયણભાઈ પટેલે કરી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઢીશૂમ
૯.૪૫
**સ્ક્રીન-૨**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
૩.૩૦, ૧૦.૦૦
ઢીશૂમ
૧.૦૦, ૭.૦૦
**સ્ક્રીન-૩**
ધી બીએફજી (૩ડી-હિન્દી)
૧૨.૩૦
જેસન બૉર્ન (૩ડી-અંગ્રેજી)
૨.૪૫, ૭.૩૦, ૧૦.૦૦
જેસન બૉર્ન (૩ડી-હિન્દી)
૫.૧૫
**સ્ક્રીન-૪**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
સવારે ૧૦.૦૦
બુધિયાસિંહ બૉર્ન ટુ રન
૧.૦૦, ૭.૦૦
સુલતાન
૪.૦૦
ફિવર
૧૦.૦૦
**સ્ક્રીન-૫**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
૧૨.૩૦, ૬.૩૦
ઢીશૂમ
૩.૪૫
બુધિયાસિંહ બૉર્ન ટુ રન
૯.૩૦

## અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે

# રીફ્રેશર કોર્સનું સમાપન કરાયું





ગાંધીનગર, તા. ૯

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટયુટ ખાતે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ અમદાવાદ દ્વારા સ્પોન્સર્ડ, રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ માટે બે દિવસીય રીફ્રેશર કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર, અમદાવાદ, કલોલ, મહેસાણા, હિંમતનગર તેમજ નડિયાદ જિલ્લાના ૨૦૦ રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ એ ભાગ લીધો હતો. કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના મેમ્બર તેમજ સાર્વજનિક ફાર્મસી કોલેજ મહેસાણાના પ્રિન્સીપાલ ડૉ. સી.એન. પટેલને મુખ્ય મહેમાન તેમજ એમ્કયોર ફાર્માસ્યુટીકલ્સના એસોસિએટ ડીરેકટર ડૉ. તુષાર મહેતાને અતિથિ વિશેષ તરીતે આમંત્રિત કરવામાં આવ્યા હતા. પોતાના વકતવ્યમાં ડૉ. સી.એન. પટેલે ફાર્મસી કાઉન્સિલ દ્વારા કરવામાં આવેલ રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટને લાગુ પડતા નવા સુધારા વધારાનો ઉલ્લેખ કર્યો હતો જેમાં ફાર્માસિસ્ટ દ્વારા કરવામાં આવતા કાઉન્સિલ પર વિશેષ ભાર મુકયો હતો. ડૉ. તુષાર પટેલે ફાર્માસિસ્ટનો હેલ્થકેર સિસ્ટમમાં શું રોલ હોય છે એ સમજાવવાની જવાબદારી રીટેલ ફાર્માસિસ્ટની બનતી હોય છે જો આ જવાબદારી વ્યવસ્થિત રીતે નિભાવવામાં આવે તો હેલ્થકેર સિસ્ટમનો પાયો મજબુત બની શકે તેમ જણાવ્યું હતું. સંસ્થાના ડીરેકટર જનરલ ડૉ. રાગીન શાહે ફાર્મસી કાઉન્સિલમાં થયેલ વિશેષ પરિવર્તનનો ઉલ્લેખ કર્યો હતો. કાર્યક્રમના સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ધર્મસિંહ દેસાઈ યુનિ.ના ડીન ડૉ. બી.એન. સુહાગીયા તેમજ અતિથી વિશેષ તરીકે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના રજીસ્ટ્રાર શ્રી ગીલબર્ટ મેકવાનને આમંત્રિત કરવામાં આવેલ હતા.

કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના પ્રિન્સીપાલ ઈન્ચાર્જ તેમજ કોર્સ ડીરેકટર ડૉ. ડી.એમ. પટેલ, કોર્ડીનેટર ડૉ. પ્રજ્ઞેશ પટણી તેમજ કો-કોર્ડીનેટર ડૉ. ડી.એ. પટેલે કર્યું હતું.

# પોતાની કાળજી કોઈ રાખે એ કૃષ્ણને પણ ગમતું




vamlani@yahoo.co.uk

એક વિખ્યાત અને મોટી આર્થિક સંસ્થાની બોર્ડની મીટીંગની તૈયારીઓ ચાલતી હતી. મીટીંગ હોલમાં ઘણા અધિકારીઓ વિવિધ પ્રકારની તૈયારીઓ કરતા હતા. સંસ્થાનાં મેનેજીંગ ડાયરેક્ટર તૈયારીનું નિરીક્ષણ કરવા માટે આવ્યા. મેનેજીંગ ડાયરેક્ટર હોલની અંદર પ્રવેશતા હતા તે દરમ્યાન જ એક જુનિયર અધિકારી હોલની બહાર તરફ જતા હતા. જુનિયર અધિકારીના બૂટ ઉપર મેનેજીંગ ડાયરેક્ટરની નજર ગઈ અને તે અધિકારીને રોક્યા. મેનેજીંગ ડાયરેક્ટરે અધિકારીના બૂટ તરફ નિર્દેશ કરીને કહ્યું કે તમારા બૂટની દોરી ખુલ્લી છે, તેને બાંધી લો નહીતર પગમાં દોરી આવશે તો પડી જશો. પેલા અધિકારી થોડી ઉતાવળમાં હતા એટલે તેણે પ્રત્યુતર આપ્યો કે 'સર, બહાર જઈને બાંધી લઉં છું.' મેનેજીંગ ડાયરેક્ટરે તેને રોક્યા અને કહ્યું કે 'પછી નહીં, અત્યારે જ મારી સામે જ બાંધો. કામ તો પછી પણ થશે.પડી જશો તો હેરાન થાશો'. અધિકારીએ ત્યાં બેસીને દોરી બાંધી પછી જ મેનેજીંગ ડાયરેક્ટર ત્યાંથી ખસ્યા.

સંસ્થાના સૌથી ઉચ્ચ હોદ્દેદાર મેનેજીંગ ડાયરેક્ટર કક્ષાના અધિકારી એક નાના, જુનિયર અધિકારીની, બૂટની દોરી ખૂલી હોય તે પોતાની ઉપસ્થિતિમાં જ બાંધે એવી કાળજી રાખનાર હોદ્દેદારથી એ જુનિયર અધિકારી ખૂબ જ પ્રભાવિત થયા. આ વાત તેણે ઘણા લોકોને કહી. આ ઘટના પછી એ જુનિયર અધિકારી પણ પોતાના સહ-કર્મચારીઓની નાની-નાની બાબતોની કાળજી લેવા માટે જાગૃત થયા અને પોતાના વર્તનમાં એ અમલમાં મૂકવા માટે સંન્નિષ્ઠ પ્રયત્નો કરવા લાગ્યા. વ્યક્તિ કોઈપણ બાબતમાં અન્ય વ્યક્તિની કાળજી લે તો તે વ્યક્તિને ખુશી મળે છે. તે વ્યક્તિ આનંદીત થાય છે, તે વ્યક્તિ કાળજી લેનાર વ્યક્તિથી પ્રભાવિત થાય છે અને તેની પ્રસંશક બની જાય છે. તે વ્યક્તિને પણ અન્ય વ્યક્તિઓની કાળજી લેવા માટે પ્રેરણા મળે છે.

આપણા રોજિંદા જીવનમાં આપણે અનેક વ્યક્તિઓનાં સંપર્કમાં આવીએ છીએ. કેટલીક વ્યક્તિઓ આપણા રોજિંદા સંપર્કમાં આવે છે તો કેટલીક વ્યક્તિઓ પ્રસંગોપાત આપણા સંપર્કમાં આવે છે. એવી ઘણી વ્યક્તિઓ છે જેની સાથે આપણે વ્યવહારો કરીએ છીએ, ને એ વ્યક્તિઓ આપણા રોજિંદા કાર્યોમાં મદદરૂપ થાય છે, રોજિંદા જીવનનો તેઓ ભાગ બની ગયા હોય છે. આ પ્રકારની વ્યક્તિઓ એટલે આપણા ઘરઘાટીઓ, સફાઈ કરનારા, છાપાવાળા, દૂધવાળા, ધોબી, શાકભાજીના ફેરિયાઓ, ગેસના બાટલના ડીલિવરીમેન, પોસ્ટમેન,ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બર અને એવી ઘણીબધી વ્યક્તિઓ. આ પ્રકારની વ્યક્તિઓને સૌથી વધુ ભૂખ લાગણીની હોય છે. આ પ્રકારની વ્યક્તિઓની નાની-નાની કાળજી રાખીએ તો તે લોકોને આપણે નાની નાની ખુશીઓ આપી શકીએ. આ લોકોના કુટુંબીજનો વિષે જાણકારી રાખવી અને સમયાંતરે તેઓની પૂછપરછ કરવાથી માત્ર તેઓ રાજી થાય છે. તેઓના બાળકોના અભ્યાસ વિષે માહિતી રાખવી, જરૂરી માર્ગદર્શન આપવું અને જરૂર પડે તો અને આપણે શક્તિમાન હોઈએ તો જરૂરી મદદ કરવાથી તેઓના રોજિંદા જીવનમાં આપણે પ્રાણ પૂરીએ છીએ. એવો તેઓને અહેસાસ થાય છે.

અમારી શેરીમાં એક બહેન દરરોજ શાકભાજીની લારી લઈને શાકભાજી વેચવા આવતા. ખૂબ જ હસમુખા અને મળતાવડા. શેરીની સ્ત્રીઓનો પણ તેમના સ્વભાવને કારણ તેમના પ્રત્યે લાગણી થઈ ગઈ હતી. અચાનક એ બહેન શેરીમાં આવતા બંધ થઈ ગયા. એક, બે, પાંચ, સાતેક દિવસ ના દેખાયા એટલે શેરીની બે-ત્રણ સ્ત્રીઓએ તેમના વિષે તપાસ કરી. જાણવા મળ્યું કે તે બહેન બીમાર હતા અને હોસ્પીટલમાં દાખલ થયા હતા. સરનામું મેળવીને બે-ત્રણ સ્ત્રીઓ તેમની ખબર કાઢવા ગયા. એ શાકભાજીવાળા બહેનને ખૂબ જ સારું લાગ્યું. ત્યાર પછી એ શાકભાજીવાળા બહેનનો જીવનક્રમ થઈ ગયો કે અમારી શેરીનાં કોઈપણ ઘરમાં કોઈપણ વ્યક્તિ બીમાર હોય તો તેના ઘેર જઈને અચૂક ખબર-અંતર પૂછે અને પોતાની લારીમાંથી થોડાં ફળ આગ્રહ કરીને બીમાર વ્યક્તિને ખવડાવે. આ પ્રકારની બધી બાબતો નાની-નાની છે પણ જે વ્યક્તિ પ્રત્યે આપણે આ પ્રકારની કાળજી બતાવીએ છીએ એવી વ્યક્તિનાં જીવનમાં નવા રંગો ઉમેરાય છે ને તેમની ખુશીઓનો પાર રહેતો નથી.

ઓગણીસમી સદીના યુરોપના એક વિખ્યાત લેખક ઓસ્કાર વાઈલ્ડ તેવો માત્ર છેંતાલીસ વર્ષ જીવ્યા. એકવીસ વર્ષની વયે તો તે યુરોપના એક નામાંકિત વ્યક્તિ બની ગયેલા. તેમના હજારો ચાહકો હતા. ઓસ્કાર વાઈલ્ડને સન ૧૮૯૫માં કોઈ એક ગુના માટે જેલની સજા થઈ. જ્યારે તેમને જેલમાં લઈ જતા હતા ત્યારે તેમના અનેક ચાહકો એકઠા થઈ તેમની તરફેણમાં સૂત્રોચાર કરી રહ્યા હતા. ઓસ્કાર વાઈલ્ડે નિહાળ્યું કે તેમને જોઈને એક વૃદ્ધ ચાહકે પોતાની હેટ ઉતારી, પોતાનું માંથું નમાવી વાઈલ્ડને નમન કર્યું, અને પછી પોતાની હેટ પહેરી અને આંખમાં આવેલા આંસુઓને લૂછયા. એક વૃધ્ધ ચાહકે જેલમાં જઈ રહેલા વાઈલ્ડને જે રીતે સન્માન આપ્યું તે ઘટના યાદ કરીને ઓસ્કારે લખ્યું કે મારા કપરા સંજોગોમાં એક વૃધ્ધ ચાહકે મને આપેલું સન્માન અને મારી લીધેલી કાળજી સામે મારી બધી જ ફિલોસોફી વ્યર્થ છે. એક મૌન સન્માન થકી મારા સૂકા જીવનમાં વસંત આવી ગઈ.વ્યક્તિ નાની હોય કે મોટી, બાળક હોય કે વૃધ્ધ, સ્ત્રી હોય કે પુરૂષ, ગરીબ હોય કે તવંગર, મજુર હોય કે ઉચ્ચ હોદ્દો ધરાવતી વ્યક્તિ, બેનામ વ્યક્તિ હોય કે નામાંકિત વ્યક્તિ, દરેક વ્યક્તિની અંતરની ઈચ્છા હોય છે, કાયમી ઈચ્છા હોય છે કે પોતાની આસપાસ જીવતી વ્યક્તિઓ દ્વારા તેની કાળજી રાખવામાં આવે, પ્રસંગોપાત પોતાને નાનું-મોટું સન્માન મળે. માણસ લાગણીનો ભૂખ્યો તો હોય છે પણ કાળજીનો પણ ભૂખ્યો હોય છે.

ગોકુળનાં ગોવાળીયાઓ, ગોપીઓ અને રાધાજી જેમની ખૂબ જ કાળજી રાખતા એવા શ્રીકૃષ્ણને પણ એ ગમતું તો પછી આપણે સૌ તો સામાન્ય વ્યક્તિ અન્ય વ્યક્તિ કાળજી રાખે એ કોને નાં ગમે ?

વ્યક્તિએ અન્ય લોકોની કાળજી રાખવા માટે પોતાના જીવનનાં ધ્યેયોથી આગળ જઈને, પોતાના સ્વાર્થના કુંડાળામાંથી બહાર નિકળવું પડે. બીજાની કાળજી લેવી એટલે તેઓને ધ્યાનથી સાંભળવા, તેઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું, માંગ્યા વિના તેઓને મદદ કરવી, તેઓને આપણા થકી નુકશાન ના થાય એનું ધ્યાન રાખવું, આપણા કોઈપણ કાર્ય થકી કે આપણા વર્તન થકી તેઓની લાગણી ના દુભાય તેની કાળજી રાખવી અને તેઓના આર્થિક, સામાજીક અને વ્યક્તિત્વના વિકાસ માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યોગદાન આપવું. આ બધુ જ કરવું, પણ કોઈપણ પ્રકારના બદલાની ભાવના વગર.

જે વ્યક્તિઓની આપણે નાની-મોટી કાળજી રાખીએ છીએ તે લોકો સાથે આપણા સ્વસ્થ અને સકારાત્મક સંબંધોનો વિકાસ થાય છે. આ સંબંધો ક્યારેક અતૂટ અને ચિરંજીવ પણ બની જાય છે. આપણે લીધેલી કોઈ અન્ય વ્યક્તિની નાની એવી કાળજી, તે વ્યક્તિના જીવનમાં કેટલો પ્રભાવ પાડે છે અને તેનાં જીવનમાં કેટલું સકારાત્મક પરિવર્તન લાવે છે એ કોઈપણ વ્યક્તિ માટે કલ્પના બહારની બાબત છે. આપણને સૌને એવી અપેક્ષા હોય છે કે કોઈ અન્ય વ્યક્તિ આપણી કાળજી રાખે, પણ આપણે કેટલી વ્યક્તિની કાળજી રાખીએ છીએ ?



## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'યાદ દાદા-દાદીની'**